०८

નવી સેવા હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩માં રાજ્યમાં 'જનરક્ષા સોસાયટીઓ'ની સ્થાપના માટે થનાર રૂ. ૨ કરોડના ખર્ચને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક. પીડબલ્યુએફ/૧૦/૨૦૧૨/૪૧૧૬૫/ટ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૩/૦૪/૨૦૧૨.

**પ્રસ્તાવના**

પોલીસ અને પ્રજા એકબીજાના પૂરક છે. આથી, આ બંને વચ્ચે સેતુ ઘડતર થાય તે માટે રચનાત્મક કાર્યો અત્યંત જરૂરી છે. આવા પ્રજાલક્ષી તથા સમાજઉપયોગી કામો કરવા માટે પોલીસ અધિકારીઓ પાસે કોઇ ફંડ હોતું નથી. બીજી બાજુ ઉચ્ચ પોલીસ અધિકારીઓના કાર્યક્ષેત્રમાં કાર્યરત ઘણા સમૃદ્ધ એસોસીયેશનો, જી.આઇ.ડી.સી એસોસીયેશનો અને ગૃહ ઉદ્યોગો પ્રજાલક્ષી કાર્યક્રમો હાથ ધરાય તે માટે દાન આપવા આતુર હોય છે. આથી સમાજઉપયોગી અને પ્રજાલક્ષી કાર્યક્રમો મળેલ દાન અને લોક ભાગીદારીથી હાથ ધરી શકાય તે આજના સમયની તાતી જરૂરિયાત છે. આવા ઉમદા પ્રજાલક્ષી અને સમાજપયોગી કાર્યો સત્વરે પરિપૂર્ણ થાય તેવા ઉમદા આશયથી વાસ્તવમાં અમલીકરણ થઇ શકે તે હેતુસર રાજ્યમાં ૨૭ પોલીસ અધીક્ષકશ્રી અને ૪ પોલીસ કમિશનરશ્રીઓ મળી કુલ ૩૧ જન રક્ષા સોસાયટીઓ બનાવવાનો નિર્ધાર સરકારશ્રીએ વ્યક્ત કરેલ છે. આ સોસાયટીઓને રાજ્ય કક્ષાએથી ગવર્નિંગ કાઉન્સિલ દ્વારા નીતિ ઘડતર અને આવી નીતિની અમલવારી માટે રાજ્ય કક્ષાએથી એક્ઝીક્યુટીવ કમિટી દ્વારા અમલવારી અંગેનું નિયંત્રણ થશે. આમ કુલ ૩૧ જનરક્ષા સોસાયટીઓએ રાજ્ય કક્ષાની સમિતિઓના માર્ગદર્શન અને દેખરેખ નીચે કામગીરી કરવાની રહેશે. વધુમાં, રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની અસરકારક પરિસ્થિતિની જાળવણી માટે તેમજ પોલીસ ખાતાની કામગીરીને વધુ પ્રજાભિમુખ બનાવવા માટે ક્ષેત્રીય કક્ષાએ પ્રસંગોપાત કરવી પડતી અમુક વ્યવસ્થાના ખર્ચને પહોંચી વળવા ગૃહ વિભાગ કક્ષાએ ઉપર જણાવ્યા મુજબની ગવર્નિંગ કાઉન્સિલ તથા એક્ઝીક્યુટીવ કમિટીની રચના કરીને તેઓના સીધા નિયંત્રણ હેઠળ રાજ્યની ૨૭ પોલીસ અધીક્ષકશ્રી કચેરીઓ તથા ૪ પોલીસ કમિશનર કચેરીઓ મળીને કુલ ૩૧ કચેરીઓ હસ્તક જન રક્ષા સોસાયટીઓ કાર્યરત કરવાનું જરૂરી જણાતાં રૂ.૨ કરોડના કોર્પસ ફંડની નવી બાબતે વહીવટી મંજૂરી આપવા વિભાગ કક્ષાએથી નાણા વિભાગને દરખાસ્ત કરવામાં આવેલ.

**ઠરાવ**

વિભાગ દ્વારા થયેલ ઉક્ત દરખાસ્ત સંદર્ભમાં નાણા વિભાગના વખતો વખતના પરામર્શમાં તથા પુખ્ત વિચારણાના અંતે નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩માં અનુભાગ – ૧ની નવી સેવા, 'આયોજન' હેઠળ 'જનરક્ષા સોસાયટી'ની સ્થાપના માટે કોર્પસ ફંડ તરીકે રૂ.૨ કરોડની રકમની થયેલ જોગવાઈમાંથી રાજ્ય કક્ષાની સમિતિના નીતિ ઘડતર તથા અમલવારી સંદર્ભે વખતો વખત આપવામાં આવનાર માર્ગદર્શન મુજબનો ખર્ચ કરવા માટે નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે :-

**શરતો**

(૧) સને ૨૦૧૨-૧૩ની જોગવાઈને આધીન રહીને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતો વખત નકકી કરવામાં આવેલ જોગવાઈઓ અને લાગુ પડતા ધારા ધોરણને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૩) આ યોજના અંગેનું ખર્ચ તા.૧/૪/૨૦૧૨ પછી જ કરવાનું રહેશે.

(૪) નાણાકીય ઔચિત્યના નિયમો ધ્યાનમાં રાખીને તેમના હસ્તક મુકવામાં આવેલી ગ્રાન્ટ, જે હેતુ માટે તેની જોગવાઈ કરવામાં આવી હોય, તે હેતુ માટે જ અને થયેલ જોગવાઈની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૫) યોજના હેઠળની બચત વર્ષના અંતે સરકારશ્રીમાં સુપ્રત કરવાની રહેશે.

(૬) આ સોસાયટીના 'આર્ટિકલ્સ ઓફ એસોસીયેશન'ની નાણા વિભાગ મારફતે સરકારશ્રીની પૂર્વ મંજૂરી મેળવ્યા બાદ જ ખર્ચ કરવાનો રહેશે.

(૭) આ સોસાયટીની 'ગવર્નિંગ કાઉન્સિલ', 'એક્ઝીક્યુટીવ કમિટી'ની રચના અંગે નાણા વિભાગ મારફતે સરકારશ્રીની મંજૂરી મેળવ્યા બાદ જ ખર્ચ કરવાનો રહેશે.

(૮) સોસાયટીનું રજિસ્ટ્રેશન, નિયમો અનુસાર કરાવ્યા બાદ જ ખર્ચ કરવાનો રહેશે.

**૨.** આ અંગેનો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ના બજેટમાં અનુભાગ-૧, નવી બાબતો (આયોજન), માગણી ક્રમાંક: ૪૩, મુખ્ય સદર: ૨૦૫૫-પોલીસ, ગૌણ સદર: ૧૧૩-પોલીસ કર્મચારીઓનું કલ્યાણ, પેટા સદર: ૦૨-પોલીસ કલ્યાણ પ્રવૃત્તિઓ અને ટ્રાફિક સવલતો માટેનું અનુદાન, બાબત નં.-૨૬ જનરક્ષા માટે સોસાયટીની સ્થાપના કોર્પસ નિધિની મંજૂરી હેઠળની બજેટ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

**3.** આ અંગેના હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૧૨/૪/૨૦૧૨ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

*(ભરત પટેલ)*
સેકશન અધિકારી
ગૃહ વિભાગ

પ્રતિ,
- ગવર્નિંગ કાઉન્સિલ (સૂચિત)ના તમામ સભ્યો.
- એક્ઝીક્યુટીવ કમિટી (સૂચિત)ના તમામ સભ્યો.
- અધિક મુખ્ય સચિવશ્રી (નાણા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશક (વહીવટ) પો.મ.નિ અને મુ.પો.અ.શ્રીની કચેરી, પોલીસ ભવન, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (ગૃહ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.
- પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર, રાજકોટ શહેર, સુરત શહેર અને વડોદરા શહેર.
- તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડિટ) અમદાવાદ / રાજકોટ.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઇલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.